# વિવિધ રોગમુકત જ્ઞાનસત્ર યોજાશે

ગાંધીનગર, તા.૨૮

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા વિવિધ રોગોમાંથી મુકિત મળી રહે અને સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે એકયુપ્રેશર, નશ્ય, મેગન્ટ થેરાપી, કુદરતી ઉપચાર, યોગ ચિકિત્સા, આયુર્વેદ પંચકર્મ જેવા રોગો માટે નિઃશુલ્ક જ્ઞાનસત્રનું આયોજન તા. ૨ માર્ચ, રવિવાર, બપોરે ૩-૦૦ કલાકે મહારાષ્ટ્ર ભવન સેકટર-૨૧ ખાતે કરવામાં આવ્યું છે. જ્ઞાનસત્રમાં નગરજનોને ઉપસ્થિત રહી લાભ લેવા મંડળ દ્વારા જણાવાયું છે.

# સે-૧૨-બીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૮

મેલડી આનંદ ગરબા મંડળના મધુબેન કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો મંજુલાબેન મણિયારના નિવાસ સ્થાને પ્લોટ નં. ૪૭૩/૨ સેકટર-૧૨-બી ખાતે તા. ૨જી માર્ચ રવિવાર બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન યોજવામાં આવશે. ભાવિ ભકતોને લાભ લેવા મંડળ દ્વારા જણાવાયું છે.

# આજે જશ્ને ગોસે આજમ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

આશિકે રસુલ સુન્ની મુસ્લીમ યંગ કમિટી ગાંધીનગર દ્વારા આજરોજ શનિવારે નવરાત્રી ચોક સામે સેક્ટર-૩-સી ખાતે જશ્ને ગોસે આજમનો કાર્યક્રમ યોજાશે. ગાંધીનગર ખાતે ઈશાની નમાજ બાદ નાત શરીફ હાજી, નશીરુદ્દીન મીર, સાવરકુંડલાવાળા હાજર રહેશે. કાર્યક્રમમાં તમામ મુસ્લીમ બિરાદરોને આશિકે રસુલ સુન્ની મુસ્લીમ યંગ કમિટીએ હાજર રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

# ઋષિ કેન્દ્ર શ્રધ્ધાંજલિ અર્પણ કરશે

ગાંધીનગર, તા.૨૮

ઋષિ સંસ્કૃતિ વિદ્યા કેન્દ્રના આદ્યસ્થાપક અને સિધ્ધ સમાધિ યોગના પ્રણેતા પૂ. ઋષિ પ્રભાકરજી ગઈ તા. ૧૬ના રોજ સમાધિસ્ત થયેલ છે. તેમનો શ્રધ્ધાંજલિ કાર્યક્રમ તા. ૨જી માર્ચ, રવિવાર સાંજે ૫ થી ૭ કલાકે પ્રેરણા વિદ્યાલય, સેકટર-૫-એ ગાંધીનગર ખાતે યોજવામા આવશે. જેમાં એસ.એસ.વાય.ના સાધકોએ ઉપસ્થિત રહેવા રાજેશ પરીખે જણાવ્યું છે.

# લાકરોડા ખાતે રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

જાયન્ટ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા કેન્સર હોસ્પિટલ દર્દીઓના લાભાર્થે માણસાના લાકરોડા ખાતે ગઈ તા. ૨૬ના રોજ રકતદાન કેમ્પ અને બ્લડ પ્રેશર ચેક એપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૨૭ બોટલ રકત એકત્ર કરવામાં આવ્યું હતું અને ૮૫ દર્દીઓએ ડાયાબીટીશ અને બ્લડ પ્રેશરને લગતી તપાસ કરાવી હતી. જેમાંથી ૩૦ ટકા લોકોને ડાયાબીટીશ અને બી.પી.ના લક્ષણો જાણવામાં આવ્યા હતા. દર્દીઓને રોગને લગતી દવા આપવામાં આવી હતી.

# જિલ્લા સ્કાઉટ ગાઈડ રેલીમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ગઈ તા. ૨૫, ૨૬ ફેબ્રુઆરીના રોજ સંઘ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેક્ટર-૭ સ્થિત જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ૧૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. રેલીમાં વિદ્યાર્થીઓએ વિવિધ જવાબદારી નિભાવી અગ્રેસર રહી હતી. છાવણી નિરીક્ષક-દ્વિતીય, ગાંઠોની સ્પર્ધામાં પ્રથમ, અવલોકન સ્પર્ધામાં દ્વિતીય અને કેમ્પ ફાયરમાં તૃતિય સ્થાન મેળવ્યું હતું. ભાગ લીધેલી તમામ વિદ્યાર્થિનીઓને આચાર્યા અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# આંતરકોલેજ નિબંધ સ્પર્ધામાં પ્રથમ

ગાંધીનગર, તા.૨૮

તાજેતરમાં મહુધાની એમ.ડી. શાહ કોમર્સ અને બી.ડી. પટેલ આર્ટસ કોલેજ ખાતે આંતરકોલેજ નિબંધ સ્પર્ધા યોજામાં આવી હતી. જેમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલજની વિદ્યાર્થીનીએ પ્રથમ ક્રમાંક મેળવી બાજી મારી હતી.



શહેરમાં સેકટર-૭ ખાતેની ચૌધરી આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીએ મહુધા ખાતે આંતરકોલેજ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. 'વર્તમાન રાજકારણી દશા અને દિશા' વિષય પર નિબંધ સ્પર્ધા યોજામાં આવી હતી. ચૌધરી કોલેજની વિદ્યાર્થીની કુ. વૃશાલી ચૌધરીએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જેને કોલેજ તરફથી શિલ્ડ અને રોકડ પુરસ્કારથી નવાજવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રથમ આવી શાળા પરિવારે ગૌરવની લાગણી અનુભવી વિદ્યાર્થીનીને બિરદાવી હતી.

# શિવજીના દર્શન કરવા ભકિત કુટીરમાં ભકતોનું ઘોડાપૂર ઉભરાયું

ધનસુરા, તા.૨૮

દેવાધિદેવ મહાદેવનો જન્મ દિવસ એટલે મહાશિવરાત્રી. ધનસુરા ખાતે ભકત કુટિરમાં ભોળાનાથના દર્શન કરવા માટે સવારથી ભાવિ ભકતોની ભીડ જોવા મળતી હતી. ભકતો દર્શન કરી ધન્યતા અનુભવતા હતા.

ધનસુરા ખાતે ભકત કુટીર ખાતે શિવજીને શિવ ભકત પ્રવિણભાઈ ગોર અને તેમના સુપુત્રો ગિરીશ અને મયુર સાથે ભૂદેવો દ્વારા રૂદ્રાભિષેક, બિલીપત્ર, દૂધ, જળ ચઢાવી મહાપૂજા કરી હતી. શિવરાત્રી પર્વ નિમિતે ધનસુરાનો વેપારી વર્ગ, યુવાનો, યુવતિઓ, વૃધ્ધો સહિત દર્શનાર્થીઓ ઉમટી પડયા હતા તેમજ રામજી મંદિરના મહંત પુરણશરણદાસ, જિલ્લા પંચાયત પ્રમુખ હેમલત્તાબેન, અતુલ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.





ગુજરાતના મુકસેવક પૂ. રવિશંકર મહારાજની પ્રતિમા સમક્ષ તેમના જન્મદિને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. શહેર વસાહત મહામંડળ અને સાથી સંસ્થાઓ દ્વારા મહાશિવરાત્રીની પાવન પ્રભાતે મહારાજશ્રીનું પુણ્ય સ્મરણ કરી જીવનમાં સાદગી અને કર્તવ્ય નિષ્ઠા જેવા ગુણોને સાક્ષાત કરવા પ્રાર્થના કરી હતી. ઘ-૫ સર્કલ પર પૂજ્ય રવિશંકર મહારાજશ્રીની પ્રતિમાને કરાયેલ પુષ્પાંજલિ સમયની તસવીર....

# નોન ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓએ અન્ન જળનો પણ ત્યાગ કર્યો!!

**ઉપવાસી લડત બાદ પણ સરકાર દ્વારા કોઈ પ્રતિભાવ ન મળતા આક્રોશ**

ગાંધીનગર, તા.૨૮

રાજયની સ્વનિર્ભર શાળાઓના કર્મચારીઓને સરકારી ધારા ધોરણ મુજબ પગાર તેમજ નોકજીના રક્ષણની જોગવાઈ કરવાની પ્રબળ માંગ સાથે કર્મચારી હિત વર્ધક સમિતિ દ્વારા સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ શરુ કર્યા છે. જયારે આ મામલે સરકાર કક્ષાએથી કોઈ પ્રતિભાવ ન મળતા કર્મચારીઓ દ્વારા અન્ન જળનો પણ ત્યાગ કરવામાં આવ્યો છે.

રાજય કર્મચારી હિત વર્ધક સમિતિના પ્રતિનિધિ બાબુજી અજમલજી ચૌહાણે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે નોન ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓની નિમણુંક બાબતે મંડળે કરલી નિમણૂંકને માન્ય ગણી કર્મચારીઓને ખાતાકીય લાભો મળે તે મુજબ સુધારો કરવો જોઈએ. અમુક શાળાઓને ગ્રાન્ટેડ શાળાઓની જેમ લાભો આપી કર્મચારીઓની ભરતીને માન્ય રાખી વિનિયમિત કરી છે તેવી જ રીતે બાકીની શાળાઓને ખાતાકીય લાભો તેમજ પગારના રક્ષણની જોગવાઈ કરવી જોઈએ.

નોન ગ્રાન્ટેડ શાળાના તમામ કર્મચારીઓને સરકારી ધારાધોરણ મુજબ પગાર તેમજ નોકરીના રક્ષણની જોગવાઈ કરવા પણ માંગ કરવામાં આવી છે. આ મામલે શિક્ષણમંત્રીને અગાઉ આવેદનપત્ર પણ આપવામાં આવ્યું છે. આમ છતાં સરકાર કક્ષાએથી કોઈ પ્રતિભાવ ન મળતા કર્મચારીઓ દ્વારા અન્ન જળનો ત્યાગ કરવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

# 'ચ' અને 'છ' કક્ષાના આવાસોનું મજબૂતીકરણ કરવામાં આવશે

**સેકટરોમાં વિવિધ આવાસોને નવા રૂપ રંગ આપવા ૧૮ કરોડનો ખર્ચ થશે**

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં સ્થિત 'ચ' અને 'છ' કક્ષાના સરકારી આવાસોનું મજબૂતીકરણ હાથ ધરવા રૂ. ૧૮ કરોડનો ખર્ચ થશે. આ મામલે સેકટરોમાં આવાસ રીનોવેશનની કામગીરી હાથ ધરવા વર્કઓર્ડર પણ આપી દેવાતા વસાહતીઓની સમસ્યાઓનો અંત આવશે.

સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોનું તબક્કાવાર મજબૂતીકરણ હાથ ધરવામાં આવે છે. શહેરમાં જુદી જુદી કક્ષાના ૧૬ હજાર જેટલા આવાસો છે. જયારે આવાસોના મજબૂતીકરણની યોજના અન્વયે પણ હજુ માત્ર ૪૦ ટકા જ કામગીરી થઈ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે.જયારે સરકારી આવાસો ભયજનક અને જોખમી સ્થિતિમાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે સમયાંતરે આવાસોની છતમાંથી ગાબડા પડતા હોવાના કિસ્સાઓ પણ સરકારી મકાનોની બદતર સ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ આપે છે. શહેરમાં નિકાલ હેઠળના તમામ મકાનો તોડી પાડવાના મામલે માત્ર નામની જ કામગીરી થઈ છે. ત્યારે આ મકાનોનો પણ ઝડપથી નિકાલ થાય તેવી લોકલાગણી પ્રબળ બની છે. બીજી તરફ સરકારી આવાસોના મજબૂતીકરણ અન્વયે તમામ સેકટરમાં સ્થિત 'ચ' અને 'છ' કક્ષાના આવાસોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. સે-૮, ૨૧, ૨૨, ૨૩ ઉપરાંત સે-૨૮ થી ૩૦ સહીતના સેકટરોમાં આવાસોના મજબૂતીરણનું કામ હવે ટૂંકમાં શરુ કરી દેવાશે. આ આવાસોને નવા રૂપરંગ આપવા ૧૮ કરોડનો ખર્ચ થતા આ કામગીરી સંદર્ભે ટેન્ડર પ્રક્રીયા પણ પૂર્ણ થઈ ગઈ હોવાથી મકાનોના રીનોવેશનનું કામ પણ ટૂકમાં શરુ કરી દેવાશે.

# બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની ગોલ્ડન જ્યુબીલી સેલીબ્રેશન

**મહાત્મા મંદિર ખાતે બંદોબસ્ત માટે રેન્જમાંથી પોલીસ ઉતારી દેવાઈ**

ગાંધીનગર, તા. ૨૮

બાર કાઉન્સીલ ઓફ ઈન્ડીયાની સુવર્ણ જયંતિની ઉજવણી ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાનાર છે. જેને અનુસંધાને આવતીકાલે શનિવારે મુખ્યમંત્રી ઉપરાંત ન્યાયાધિશશ્રીઓ, સિનિ. વકીલો સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે. જેને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મહાત્મા મંદિર ખાતે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ગાંધીનગર રેન્જમાંથી પોલીસ બંદોબસ્ત માટે મહાત્મા મંદિર ખાતે ખડકી દેવામાં આવી છે.

રેન્જ ડી.આઈ.જી.પી. ના સુપરવિઝન હેઠળ આ કાર્યક્રમ દરમ્યાન મહાત્મા મંદિર ખાતે બંદોબસ્તમાં બે જિલ્લાના ડી.એસ.પી., ૧૦ ડી.વાય.એસ.પી., ૩૦ પી.આઈ., ૫૦ પી.એસ.આઈ., ૩૫૦ પોલીસ, ૪૦ મહિલા પોલીસ, બે કંપની એસ.આર.પી. સહીતનો કાફલો તૈનાત રહેશે. આ કાર્યક્રમમાં ન્યાયાધિશશ્રીઓ તથા વરીષ્ઠ વકિલો સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેનાર હોવાથી તેમના પાયલોટીંગની જવાબદારી જિલ્લા ટ્રાફીક પી.આઈ.ને સોંપવામાં આવી છે.

# ઈન્ફોસીટી ખાતે નજીવી બાબતે દુકાનદારને એક કર્નલે ઢીબી નાંખ્યો

**પેનની શાહી ખરીદતી વખતે મોડી સાંજે માથાકુટ થઈ વેપારીનું ત્રણેક દિવસ પહેલા જ ઓપરેશન થયું હતું મારામારી થતા લોહીલુહાણ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરના ઈન્ફોસીટી વિસ્તારમાં ગઈ મોડી સાંજે આર્મીનો એક કર્નલ સ્ટેશનરીની દુકાને પેનની શાહી લેવા ગયો હતો. શાહી ખરીદીમાં કોઈક નજીવી બાબતે વેપારી અને કર્નલ વચ્ચે માથાકુટ થવા પામી હતી. અને તાજેતરમાં જ ઓપેરશન બાદ હોસ્પિટલમાંથી બહાર આવેલા વેપારીને કર્નલે ઢીબી નાંખી લોહીલુહાણ કરી નાખ્યો હતો.

ઈન્ફોસીટીની એક સ્ટેશનરીની દુકાનમાં ગઈકાલે મોડી સાંજે ધમાલ મચી જવા પામી હતી. આર્મીનો એક કર્નલ સ્ટેશનરીની દુકાને પેનની શાહી લેવા ગયો અને દુકાનદાર તથા કર્નલની બોલીમાં સમજ ફેર થતા મામલો બિચક્યો હતો. કર્નલે હાથમાં પહેરેલા કડાથી મોના ભાગે વેપારીને મારવાનું શરૂ કરી દેતા લોહીલુહાણ થઈ ગયો હતો. જેની ધોલાઈ થઈ તે વેપારીનું ત્રણેક દિવસ પહેલા જ આંતરડાનું ઓપરેશન કરાયું હતું. તાત્કાલીક પોલીસને બોલાવી લેવાતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. આ ઘટનાની જાણ થતા આર્મીના કેટલાક ઓફિસરો પણ પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા. જો કે રાત્રે બારેક વાગ્યાના અરસામાં પોલીસ સ્ટેશનમાં જ બન્ને વચ્ચે સમાધાન થઈ જતા પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

# ચિલોડા ખાતે મહા શિવરાત્રીની ભાવપૂર્વક ઉજવણી





ગાંધીનગર તાલુકાના પ્રવેશ દ્વાર ચિલોડા સર્કલના ત્રિભેટે આવેલુ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિદ્યાલય ખાતે મહા શિવરાત્રી નિમિત્તે પવિત્ર પર્વની ઉજવણી અન્વયે ઓમ નમઃ શિવાયના નાદથી શિવાલયોમાં ભાવિકોથી ભીડ જામી હતી. જ્યારે સેવા કેન્દ્ર ખાતે બ્રહ્માકુમારી ભાઈ-બહેનોએ ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદન કરી શિવ જન્મ જયંતિ મહોત્સવની ઉજવણીનો મહિમા સમજાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યત્વે કૈલાસદીદી, તારાબેન, ગ્રામપંચાયતના સરપંચ સવાજી ઠાકોર તથા ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.બી. વાઘેલા, ગીરીશભાઈ રાવલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ ચિલોડા, જાખોરા, દશેલા, પાલજ, પ્રાંતિયા, ડભોડાના આજુબાજુના શિવભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિતરહી ભવ્ય ઉજવણી કરી હતી. *(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)*

# પોલિસ તંત્રમાં ઉચ્ચ પોલિસ અધિકારીઓની બદલીઓનો ગોઠવાતો તખ્તો

ગાંધીનગર, તા.૨૮

રાજયના પોલિસ તંત્રમાં ઉચ્ચ પોલિસ અધિકારીઓની બદલીઓનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી ટૂંક સમયમાં બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતા અધિકારીઓને બદલવા માટે ચૂંટણી પંચ દ્વારા રાજય સરકારને સૂચનાઓ આપવામાં આવી હતી.

આ સૂચનાઓને પગલે રાજય સરકારે પોલિસ તંત્ર અને વહીવટી તેમજ મહેસૂલી તંત્રમાં એક જ જગ્યાએ ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ફરજ બજાવતાં અધિકારીઓની બદલીનો દોર શરુ કરવામાં આવ્યો છે તાજેતરમાં જ ૫૦ થી વધુ પી.આઈ. ને ડીવાયએસપી તરીકે બઢતી આપીને બદલી કરવામાં આવી છે તો ૧૦૦ જેટલા પી.આઈ. કક્ષાના અધિકારીઓની બદલી કરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારીઓની બદલીઓ બાદ હવે ઉચ્ચ પોલિસ અધિકારીઓની બદલીઓનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી એક બે દિવસમાં બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પોલીસ તંત્ર ઉપરાંત વહીવટી તંત્રમાં પણ ઉચ્ચ સનદી અધિકારીઓની બદલીઓનો પણ તખ્તો ગોઠવાઈ રહ્યો છે અને આગામી સપ્તાહમાં વહીવટી તંત્રમાં પણ ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# આજે મહિલા સ્વરક્ષણ-પડકાર કાર્યક્રમ યોજાશે

દેશમાં અને રાજયમાં મહિલાઓ ઉપર અત્યાચાર વધી રહ્યા છે ત્યારે મહિલાઓએ સ્વ બચાવ માટે જાતે જ આગળ આવવું પડશે. ગાંધીનગરના રામકથા મેદાન સે. ૧૧ ખાતે આજ રોજ સવારે ૧૧.૦૦ કલાકે મહિલા સ્વરક્ષણ નિદર્શન કાર્યક્રમ પડકાર યોજવામાં આવશે. જેમાં મુખ્ય મહેમાન પદે રાજ્યમંત્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં મહિલાઓને કરાટે સહિતની નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવશે. તાલીમમાં મહિલાઓને વિશેષ માર્ગદર્શન આપવામાં આવશે તેમ સચિવ ભાગ્યેશ જ્હાએ જણાવ્યું છે.

# કેન્સર સંદર્ભે ગાંધીનગર ખાતે વોલીયન્ટર્સ ટ્રેઈનીંગ વર્કશોપ

ગાંધીનગર, તા. ૨૮

કેન્સર અંગે સમાજના પ્રવર્તતી ગેરસમજ, સંશય અને ડરને દૂર કરી કેન્સર પ્રત્યે લોકજાગૃતિ કેળવાય તેમજ કેન્સર પીડિતો અને તેમના પરિવારજનોને જરૂરી સહાય, માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા આશય સાથે કાર્યરત સંસ્થા રેસ-ટુ રેઈન ઈન કેન્સર ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે આગામી તા. ૫મી એપ્રિલ-૨૦૧૪ના રોજ ૯ થી ૫ દરમ્યાન ગાંધીનગર ખાતે ઈન્ટ્રોડકશન ટુ બેઝીક સ્કીલ્સ ફોર વોલીયન્ટર્સ ટ્રેઈનીંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં ભાગ લેવા ઈચ્છુક કેન્સર પીડિત અને તેમાંથી ઉગરી જનાર તથા કેન્સર જાગૃતિ અભિયાનમાં સ્વયંસેવક તરીકે સહયોગ આપવા ઈચ્છતા ભાઈબહેનોએ રજિસ્ટ્રેશન માટે શ્રીમતી રીટા બેનીક, પ્લોટ નં. ૫૦૩/૧, અય્યપ્પા મંદિરની સામે, સેક્ટર-૧, મો. નં. ૭૬૯૮૭૪૧૫૪૫ ગાંધીનગર ખાતે સવારે ૧૦ થી ૨ અથવા સાંજે ૪ થી ૭ સુધીમાં અથવા શ્રીમતી માધુરી શુક્લાનો મો. નં. ૯૩૭૪૬૨૧૦૯૩ ઉપર તા. ૩ માર્ચ ૨૦૧૪ સુધીમાં સંપર્ક કરવા જણાવાયું છે.

## શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

વળી પાછી દીકરીની ચિંતા, આળા દિલને કોરી ખાવા લાગી : 'હજુ કેમ ન આવી? કયાં ગઇ હશે? કયાંક...' શંકા-કુશંકાના સાપોલિયા સળવાટ કરી રહ્યાન્ દિલને ચેન પડતું નહોતું. શાક સમારવાનું પડતું મુકી ઊભા થઇ, આમતેમ આંટા મારવા લાગ્યા.

થાકીને પૂનઃ ખાટલામાં બેસવા જાય ત્યાં તો સામે જ પોલીસવાન આવીને ઊભી રહી. વાનમાંથી ઊતરતાંની સાથે જ, પોલીસે સહસા પ્રશ્ન કર્યો :

'આપ જ મનોહરલાલને?'

બોલતાં ગળું એકદમ સૂકાઇ ગયું અને શોષ પડવા માંડ્યા!

'ઉષા તમારી દીકરી છે? ... જુઓ આ આઇકાર્ડ તેનું છે? ચાલો હોસ્પિટલ... તે...' પોલીસ ઓળખપત્ર બતાવી વાક્ય પૂરૂં કરે તે પહેલાં જ, ઓળખ પત્ર જોતાંની સાથે જ, મનોહલલાલને ધરતી ગોળ ગોળ ફરતી લાગી! એકદમ આંખો અંધારા આવી ગયા. પોલીસ ટેકો આપે તે પહેલાં, વંટોળમાં તૂટી પડતી કેળની માફક મનોહર લાલ ચક્કરને કારણે ભોંય પર ફસડાઇ પડ્યા.

થોડીવારમાં કળ વળતાં, પોલીસ મનોહરલાલને હોસ્પિટલ લઇ ગઇ. હોસ્પિટલનાં પલંગ પર સફેદ કપડા નીચે ઢંકાયેલ પડેલ દેહ જોતાં જ મનોહરલાલને કંપારી છૂટી ગઇ! પોલીસે કપડું ઊંચુ કરતાં, જોયું તો પાડવડાશી દીકરીનો ચૂંઠાયેલ, લોહીલુહાણ નિસ્તેજ દેહ પડ્યો હતો! આશાઓનાં મિનારા કડડભૂશ કરતા તૂટી પડી, તેના ફૂરછે-ફૂરચાં ઊડી ગયા હતા! એકદમ મનોહરલાલના મોંઢેથી હૈયાફાટ ચીખ નીકળી ગઇ : 'દીકરી... મને મૂકીને કયાં ગઇ?'

ત્યાં જ કોઇએ આવી, મનોહલલાલને ઢંઢોળ્યા. આંખ ખૂલતાં, વાસ્તવિકતાની ધરા પર પગ મૂકતાં, એકદમ યાદ આવ્યું કે પોતે તો,વેલેન્ટાઇન ડેમાં ભરખાયેલી દીકરીની મૃત્યુતિથી હોઇ, ફૂલછડી લેવા આવ્યા હતા!

દુકાન તરફ તાકતાં, જોયું તો ભીડ ઓસરી ગઇ હતી. પરાણે ઢીંચણે બે હાથનો ટેકો દઇ ઊભા થયા. લથડતે પગલે 'ફ્લાવર્સ ફેર'ના પગથિયાં ચડતી વખતે, લાંબો પંથ કાપી - પહાડ ચડ્યાનો અહેસાસ થયો!

મનોહરલાલ ફૂલછડી અને ફૂલહાર લઇ, દીકરીની યાદને વાગોળતાં, વેલેન્ટાઇન ડેની ઘેલશા અને કટુતાના કડવા ઘૂંટને પરાણે ગળે ઉતારવા મથતા - નિઃસહાય મૂઢશા ઘર ભણી વળ્યા - દીકરીના અધૂરા અરમાન અને મોતના ગમનો ભાર માથે લઇને!

# વધુ ઉત્પાદન મેળવવા ખેડૂતોએ આધુનિક પદ્ધતિઓ અપનાવવી જોઈએ

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લાના ખેડૂતો બટાકાનું વાવેતર કરી મબલક ઉપજ મેળવે તે માટે ગાંધીનગર તાલુકાના લિંબડીયા ખાતે આજરોજ જી.એસ.એફ.સી. લિમિટેડ દ્વારા માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર તાલુકાના લિંબડીયા ખાતે જિલ્લાના ખેડૂતો બટાકાનું વાવેતર કરી મબલક પાક મેળવી પગભર થાય તે માટે સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનાર લિંબડીયા ગામના ખેડૂત રમેશભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો છે.

સેમિનારમાં ગામના તેમજ આજુબાજુના મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોને ખેતીવાડી ખાતાના વિસ્તરણ અધિકારી મગનભાઈ, ચિલોડા ડેપો ઈન્ચાર્જ વી.જી. પટેલ, જી.આર.સી. નિવૃત્ત અધિકારી ગોહિલભાઈ કલ્યાણભાઈએ ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

વિસ્તરણ અધિકારીએ જણાવ્યું હતું કે ખેડૂતોએ બટાકાના વાવેતર પૂર્વે બિયારણની પસંદગી કરવામાં ધ્યાન આપવું જોઈએ. ખરાબ બિયારણથી નુકશાન થવાની શકયતા વધારે હોય છે અને વાવેતર બાદ જૈવિક ખાતરોનો ઉપયોગ ઓછી માત્રામાં કરવો જોઈએ. જેનાથી પાક નિષ્ફળ ન જાય.

વધુમાં જણાવ્યુ હતુ કે પાણીમાં દ્રાવ્ય ખાતરો અને પિયત પદ્ધતિને સમજીને પાકનું વાવેતર કરવું જોઈએ અને યોગ્ય ખાતરોની પસંદગી કરવી જોઈએ. કોઈપણ પાકનું વાવેતર કરતા પહેલા ખેતરમાં પાકની ફેરબદલી કરવી જોઈએ. યોગ્ય સમયે યોગ્ય પાક વાવવાથી ખેડૂતોનો પાક નિષ્ફળ જવાની શકયતાઓ ઓછી રહેલી છે.

પ્રગતિશીલ ખેડૂત રમેશભાઈએ ખેડૂતોને આધુનિક ખેતી કરી, વૈજ્ઞાનિક પદ્ધતિઓને અપનાવી વધુ ઉત્પાદન મેળવવું જોઈએ અને ઉપસ્થિત અધિકારી ગણોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આજે રાજય કર્મચારી સંકલન સમિતિના તમામ સંઘોની તાકીદની બેઠક

રાજય સરકાર દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નો પ્રત્યે ચર્ચા બેઠકથી પ્રશ્નો ઉકેલવાની સંમતિ આપ્યા બાદ પણ સરકાર તરફથી કર્મચારીઓ પ્રત્યે કોઈ હકારાત્મક ઉકેલ ન આવતા આવતીકાલે બપોરે ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિના તમામ સંઘોની તાકીદની બેઠક ગાંધીનગર ખાતે યોજવામાં આવી છે. કેન્દ્ર સરકારે તેના કર્મચારીઓ માટે ૧૦ ટકા મોંઘવારી ભથ્થું આપવાની તેમજ સાતમા પગારપંચની ૫૦ ટકા મર્જની તૈયારી કરી હોવાની સામે રાજય સરકાર તેના કર્મચારીઓ પ્રત્યે લાગણી ન હોવાનું અનુભવતા કર્મચારી સંઘો સરકાર સામે રણનિતી ઘડવાના મુડમાં જણાઈ રહ્યા છે.